અપીલ અરજી નં.૧૨૧ તા.૧૪–૬ –૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા.૧૧–૫–૧૧ ની અરજીથી સે.ઝોન/આરટીઆઈ/આ./૧૭૭ તા.૬–૫–૧૧ ના રોજ આપેલ જવાબના અનુસંધાનમાં સુ.મ.પા. સેન્ટ્રલઝોનના વિસ્તારમાં તમામ વોર્ડ ઓફિસોમાં સને ૨૦૧૦ ના વર્ષમાં ૨૪/૪૮ કલાકમાં નિકાલ કરવાની કુલ આવેલ ફરિયાદો તથા તે નોંધાવનારનાં નામ ,સરનામા,તારીખ ,સમય, અને કેટલી ફરિયાદોનો નિકાલ કરવા માં આવેલ છે તે બાબતની માહિતિનાં કુલ પાના –૮૫૬ થાય છે. તે ઓફિસે આવિને લઈ જવા જણાવેલ છે એ અરજદારને મંજુર નથી આપેલ જવાબ ખોટો છે? જેની માહિતિ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની અપીલ તા.૧૪–૬–૧૧ ની **SMC/FAP/** નં.૧૨૧/૨૦૧૧–૧૨

શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા.૧૧–૫–૧૧ ની અરજીથી સે.ઝોન/આરટીઆઈ/આ./૧૭૭ તા.૬–૫–૧૧ ના રોજ આપેલ જવાબના અનુસંધાનમાં સુ.મ.પા. સેન્ટ્રલઝોનના વિસ્તારમાં તમામ વોર્ડ ઓફિસોમાં સને ૨૦૧૦ ના વર્ષમાં ૨૪/ ૪૮ કલાકમાં નિકાલ કરવાની કુલ આવેલ ફરિયાદો તથા તે નોંધાવનારનાં નામ ,સરનામા,તારીખ ,સમય, અને કેટલી ફરિયાદોનો નિકાલ કરવામાં આવેલ છે તે બાબતની માહિતિનાં કુલ પાના –૮૫૬ થાય છે. તે ઓફિસે આવિને લઈ જવા જણાવેલ છે એ અરજદારને મંજુર નથી આપેલ જવાબ ખોટો છે? જેની માહિતિ આપવા બાબતે માહિતિ રૂબરૂ કચેરીએ આવી લઈ જવા જણાવતા મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૪–૬–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૭૫ તા.૧૭–૬–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૫૦૮ તા.૪–૭–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારને આપેલી માહિતી અંગેનો પત્ર અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૧–૫–૧૧ ની અરજીથી સને ૨૦૧૦ ના વર્ષની ૨૪/૪૮ કલાકની નિકાલ કરવા અંગેની ફરીયાદો અંગે સેન્ટ્રલઝોનની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે સદર અરજી આઈ ડી નં.૧૨૦ તા.૧૧–૫–૧૧ થી કરેલ અરજી બાબતે માંગેલ માહિતી આપેલ નથી તેવું જણાવી તા.૧૪–૬–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી અપીલ તબકકે સે.ઝોન / આરટીઆઈ/આ.નં.૫૦૮ તા.૪–૭–૧૧ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અરજીના મુદ્દા નં.૧ સે.ઝોન/આરટીઆઈ/આ./૧૭૭ તા.૬–૫–૧૧ ના રોજ આપેલ જવાબના અનુસંધાનમાં સુ.મ.પા. સેન્ટ્રલઝોનના વિસ્તારમાં તમામ વોર્ડ ઓફિસોમાં સને ૨૦૧૦ ના વર્ષમાં ૨૪/૨૮ કલાકમાં નિકાલ કરવાની કુલ આવેલ ફરિયાદો તથા તે નોંધાવનારનાં નામ ,સરનામા,તારીખ ,સમય, અને કેટલી ફરિયાદોનો નિકાલ કરવા માં આવેલ છે તે બાબતની માહિતિનાં કુલ પાના –૮૫૬ થાય છે. તે ઓફિસે આવિને લઈ જવા જણાવેલ છે એ અરજદારને મંજુર નથી આપેલ જવાબ ખોટો છે? જેની માહિતિ આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સુમપા સેન્ટ્રલઝોનની અંદર આવતી પ્રત્યેક વોર્ડ ઓફિસમાં આરોગ્ય વિભાગમાં સને –૨૦૧૦ ના વર્ષમાં ૨૪/૪૮ કલાકમાં નિકાલ કરવાની ફરીયાદો ૩૧,૭૭૬/– ૨૪ કલાકમાં નિકાલ કરવાની તથા ૦૫–૪૮ કલાકમાં નિકાલ કરવાની નોંધવામાં આવેલ છે. એની ટોટલ સંખ્યા ૩૧,૭૮૧ છે. એ ફરીયાદ સેન્ટ્રલઝોન વિસ્તારોમાંથી આવેલ છે. કઈ વ્યકિતએ ફરીયાદ નોંધાવી છે એ બાબતના અનુસંધાનમાં જણાવવાનું કે સેન્ટ્રલઝોનની આરટીઆઈ કચેરી ખાતે ૨૦૧૦ ના વર્ષમાં ફરીયાદ રજીસ્ટરો રાખવામાં આવેલ છે જેનું નિયમોનુસાર નિરીક્ષણ કરી જવા જણાવવામાં આવે છે. મુદ્દા નં.૨ અરજદારને અગાઉ સુમપાની ઓફિસે માહિતી લઈ જવા બોલાવવામા આવેલ અને અરજદારને અપમાનિત કરવામાં આવેલો જેથી અરજદાર તમારી ઓફિસે માહિતી લેવા આવશે નહીં એની નોંધ લેશે. અરજદારે તા.૧૪–૩–૧૧ ના રોજ કરેલ અરજીમાં જે માહિતી માંગેલ છે તે માહિતી સેન્ટ્રલઝોનનાં માહિતી અધિકારીએ આજ સુધી આપેલી નથી માહિતી અધિકાર અધિનિયમ મુજબ અરજદારને માહિતી આપવાના બદલે ખોટા બહાના કરવામાં આવે છે? અરજદારે માંગેલી માહિતી આપવી છે કે નથી? એની વિગતે માહિતી સમય મર્યાદામાં અમોને આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આ અગાઉ તેઓ ધ્વારા આઈ ડી નં.૮૦૬ તા.૧૪–૩––૧૧ થી માહિતી માંગેલ જે બાબતે સેન્ટ્રલઝોન ના પત્ર નં.૧૭૭ આરટીઆઈ /આ.નં.૧૭૭ તા.૬–૫–૧૧

ના રોજ જવાબ પાઠવેલ આપે માંગેલ માહિતીના પાના નંગ–૮૫૬ હોય જેથી રૂબરૂમાં આવી મેળવી લેવા જણાવેલ. જે જવાબ ખોટો હોવાનું આપે જણાવેલ છે. આપે રૂબરૂમાં આવી માહિતીની નકલો મેળવવા માંગતા ન હોવાનું જણાવેલ છે. જેથી આરટીઆઈ એકટની જોગવાઈ હેઠળ આપે માંગેલ માહિતીના પાના વધુ હોય સેન્ટ્રલઝોન ખાતે રૂબરૂ નિરીક્ષણ કરવા જણાવવામાં આવે છે તથા તે દરમયાન જરૂર જણાય તે પત્રની ઝેરોક્ષ નકલ કાઢી આપવામાં આવે . તેવું જણાવેલ છે. આમ જાહેર માહિતી અધિકારી તરફથી અપીલ તબકકે પૂરી પાડવામાં આવેલ છે જે અંગે અરજદાર નિરીક્ષણ કરી જાહેર માહિતી અધિકારીએ પ્રસ્તાવમાં જણાવેલ વિગતે આરટીઆઈ એકટની કલમ–૭(૯) મુજબ પ્રત્યક્ષ નિરીક્ષણ કરી ખપ પૂરતી નકલો મેળવી શકે છે. આથી જાહેર માહિતી અધિકારીએ કરેલ પ્રસ્તાવ આરટીઆઈ કાયદા સાથે સુસંગત છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૧–૫–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી અરજદારને માંગેલ માહિતી પૂરી પાડી ઈન્સ્પેકશન આપવાની તૈયારી દર્શાવેલ છે. જે અંગે અરજદાર ઈચ્છુક હોય તો આપેલ માહિતીના પ્રસ્તાવ મુજબ કલમ–૭(૯) સાથે આમુખની જોગવાઈ "મર્યાદિત નાણાકીય સંશાધનો સહિતનું સરકારનું કાર્યક્ષમ સંચાલન" ની બાબત ધ્યાને લેતાં આરટીઆઈ એકટની કલમ–૭(૫) સાથે નિયમ–૩ (૧) હેઠળ .બીપીએલ અરજદારના કિસ્સામાં જાહેર માહિતી અધિકારીએ કરેલ તપાસણીના પ્રસ્તાવ અનુસાર દિન–૭માં કચેરી કામકાજના સમય દરમ્યાન જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી અરજદાર ફરીયાદ રજીસ્ટરોની દફતરી તપાસણી કરી તે દરમ્યાન જરૂરી યાદી ઉતારાની નકલ મેળવવા સ્વતંત્ર છે. અરજદારની માંગણી થયેથી હુકમની અમલવારી કરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૧

પ્રતિ,

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ,